# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-12-2024 Morning : 7.10 to 7.20
Day : Tuesday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- આજે 31 ડિસેમ્બરની અને નવા વર્ષનાં આગમનની ઉજવણી પ્રસંગે રાજ્યભરમાં સઘન પોલિસ બંદોબસ્ત
- રાજ્યમાં ખેતીની જમીનનાં રી-સર્વે રેકોર્ડમાં ક્ષતિ સુધારવાની અરજી કરવાની સમય મર્યાદા એક વર્ષ લંબાવવામાં આવી
- રાજ્ય સરકારે 17 નગરપાલિકા, 7 મહાનગરપાલિકાઓ અને 3 શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને વિવિધ વિકાસ કાર્યો માટે એક હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા
- પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકામાં 47 તળાવો ભરવા 126 કરોડ રૂપિયાની સૈધ્ધાંતિક મંજૂરી
- રાજ્યમાં આગામી બે દિવસ તાપમાન યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# 31st Police Checking

31 ડિસેમ્બર અને નવા વર્ષના આગમનની ઉજવણીને લઈને દારૂની હેરાફેરી રોકવા રાજ્યભરમાં સઘન તપાસ ચાલી રહી છે.

અમારા મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, રાજસ્થાનથી ગુજરાતમાં લવાતા દારૂની હેરાફેરી રોકવા જિલ્લામાં લુણાવાડા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો છે. ખાનપુર, કાલીયા કુવા, ડીટવાસ પુનાવાડા તેમજ સંતરામપુરના આનંદપુરી પાસે વાહનોની સઘન તપાસ કરવામાં આવી રહી છે. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં પ્રવેશતાની સાથે જ પોલીસ સઘન ચેકિંગ કરી રહી છે.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધી અંકિત ચૌહાણ જણાવે છે કે, જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ જગ્યાએ વાહન ચેકિંગ તથા બ્રેથ એનેલાઈઝર દ્વારા તપાસ કરવામાં આવી રહ્યા છે. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા તમામ રસ્તાઓ પર પોલિસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મોડાસા શામળાજી હાઈવે પર પોલિસની ટીમ દ્વારા આવતા જતાં વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

અમારા તાપી જિલ્લાના પ્રતિધિનિ નીરવ કંસારા જણાવે છે કે, મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં દારૂની હેરફેર ન થાય તે માટે તાપી પોલીસે અલગ અલગ ચેકપોસ્ટ બનાવી છે અને ફાર્મ હાઉસો પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે આ અંગે તાપીના DYSP ઈશ્વર પરમારે વધુ માહિતી આપી.....

બાઇટ :- ઇશ્વર પરમાર (DYSP,તાપી).

# 31st celebration Ahmedabad police

31 ડિસેમ્બર અને નવા વર્ષનાં આગમનની ઉજવણી દરમિયાન કાયદો વ્યવસ્થાની સ્થિતિ તથા ટ્રાફિક નિયમન જાળવવા અમદાવાદ ટ્રાફિક પોલિસે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. આ અંતર્ગત આજે સાંજે છ વાગ્યાથી મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી વાહનચાલકો સીજી રોડ પર અવરજવર કરી શકશે નહીં. આ જ રીતે, રાત્રિના આઠ વાગ્યાથી મોડી રાત્રે ત્રણ વાગ્યા સુધી સિંધુ ભવન રોડ પર જાજરમાન ચાર રસ્તાથી તાજ સ્કાયલાઇન ચાર રસ્તા સુધીનો બંને બાજુનો રસ્તો બંધ રહેશે.

આ ઉપરાંત, એસ જી હાઇવે પર સવારે આઠથી રાત્રિના ત્રણ સુધી ભારે વાહન પસાર થઈ શકશે નહીં. શહેરમાં નવ હજાર પોલિસકર્મીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા શહેરમાં એન્ટ્રી અને એક્ઝિટના 145 પોઇન્ટ પર નાકાબંધી કરીને વાહનોની તપાસ કરવામાં આવશે એમ અમદાવાદ શહેર પોલિસ કમિશનરની યાદીમાં જણાવાયું છે.

# Land resurvey mudat

રાજ્યમાં ખેતીની જમીનનાં રી-સર્વે માટે ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ મોડર્નાઇઝેશન પ્રોગ્રામ હેઠળ જમીન માપણીની કામગીરી ૩૩ જિલ્લામાં ચાલી રહી છે. રિ-સર્વે રેકોર્ડમાં ખાતેદારો દ્વારા ક્ષતિ સુધારવાની રજૂઆતોને ધ્યાનમાં રાખીને રાજ્યનાં મહેસુલ વિભાગે ભુલો સુધારવા માટેની અરજી કરવાની સમય મર્યાદા એક વર્ષ લંબાવીને 31 ડિસેમ્બર, 2025 કરી છે.

મહેસુલ વિભાગે આ અંગેનો પરિપત્ર પ્રસિધ્ધ કર્યો છે. આ પરિપત્ર હેઠળ ક્ષતિ સુધારવાની અરજીઓ અપીલ કરવાને બદલે લેન્ડ રેકોર્ડ, સુપ્રિન્ટેન્ડન્ટને સાદી અરજીનાં આધારે નિકાલ કરવાની સત્તા આપવામાં આવી છે.

# CM Gandhinagar Bus depo

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇ કાલે સાંજે ગાંધીનગરના મુખ્ય બસ મથકની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમણે બસમથકની સ્વચ્છતા-સફાઈનું નિરીક્ષણ કર્યું હતું તેમજ કંટ્રોલ રૂમ અને ટીકિટ વિન્ડોની કામગીરી પણ નિહાળી હતી.

શ્રી પટેલે મુસાફરો સાથે વાતચીત કરીને તેમને મળતી સુવિધાઓની વિગતો પણ મેળવી હતી. તેમની સાથે અધિક મુખ્યસચિવ એમ.કે. દાસ પણ હતા. મુખ્યમંત્રીએ મુસાફરો, સામાન્ય નાગરિકો તથા એસ.ટી. બસ મથકમાં ફરજ પરના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો.

# BZ SCAM CIDPRESS CONFERENCE

BZ ગ્રૂપના કૌભાંડના આરોપી ભુપેન્દ્ર ઝાલાના કૌભાંડની તપાસ હાલ ચાલી રહી છે. મહેસાણા, આણંદ, હિંમતનગર પાલનપુર અને અમરેલીના રોકાણકારોએ આ કૌભાંડમાં નાણાં ગુમાવ્યા છે. ભુપેન્દ્ર ઝાલાએ કોને કેટલા નાણા ચૂકવવાના છે તેની તપાસ ચાલી રહી છે. એક અંદાજ પ્રમાણે ઝાલાએ રોકાણકારોને 95 થી 100 કરોડ રૂપિયા ચૂકવ્યા નથી. ગઇ કાલે CID ક્રાઇમના DIG પરીક્ષિતા રાઠોડે આ અંગેની વધુ માહિતી આપી હતી.

(BYTE DIG PARIKSHITA RATHOD)

# CM NAGARPALIKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને ‘ક’ તથા ‘ડ’ વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરી જનજીવન સુવિધા વધારવાના કામો માટે કુલ એક હજાર કરોડથી વધુ ફાળવવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧ કરોડથી વધુ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બોરાઈ નગરપાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુકશાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઇ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગરપાલિકાઓ જુનાગઢને ૨૫ કરોડ, જામનગરને ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને ૫૪.૮૮ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે..

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

# Cabinet Minister Balwantsinh Rajput, Patan

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની રજૂઆતને પગલે પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના 47 તળાવ ભરવા માટે 126.65 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી મળી. ડીંડરોલથી મોકેશ્વર ડેમ સુધીની પાઇપલાઇન નાખવાની મંજૂરી મળતા ગ્રામજનોને હવે નિયમિત પાણીની સુવિધા મળશે.

આ પાઇપલાઇન નાખવા માટે જળ સંસાધન મંત્રી કુંવરજી બાવળીયાએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ 47 તળાવ ઉપરાંત ઉમરદસી નદી પરનો ચેક ડેમ પણ ભરવામાં આવશે. આ તળાવોમાં તેમજ ડેમમાં પાણી ભરવાથી જમીનમાં પાણીના સ્તર ઊંચા આવશે અને આજુબાજુ જમીનમાં ખેતી કરતા ખેડૂતોને કાયમી ધોરણે સિંચાઈ માટે મોટો ફાયદો થશે.

# Weather update

રાજ્યમાં આગામી બે દિવસ તાપમાન યથાવત રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર કચ્છમાં લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે જ્યારે ઉત્તર-મધ્યઅને દક્ષિણ ગુજરાતમાં તાપમાન યથાવત રહ્યું હતું આગામી 24 થી 48કલાક સ્થિતિ યથાવત રહેવાની સંભાવના છે. છેલ્લાં 24કલાકમાં ગુજરાતમાં વિવિધ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું તો કેટલાંક સ્થળે સામાન્ય કરતાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું.

ગઇ કાલે બનાસકાંઠાના ડીસામાં 9.6ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યના ચાર મહાનગરોમાં પણ લઘુત્તમ તાપમાન ઘટ્યું હતું. અમદાવાદમાં 13.7 ડિગ્રી, વડોદરામાં 16.2 ડિગ્રી,રાજકોટમાં 11 ડિગ્રી અને સુરતમાં 18.2ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસે વધુ માહિતી આપીઃ

(Byte A K Das)

# Hemchandracharya University, Patan

પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની વિદ્યાર્થીની પૂજા પટેલે ઓરિસ્સાના ભુવનેશ્વર ખાતે આયોજિત અખિલ ભારતીય આંતર યુનિવર્સિટીની યોગાસન સ્પર્ધામાં આર્ટિસ્ટિક યોગાસન સ્પર્ધામાં ભાગ લઈ રજત ચંદ્રક મેળવ્યો છે. પાટણ યુનિવર્સિટીના રમતવીર છાત્રો રાજ્ય ઉપરાંત નેશનલ કક્ષાએ પણ વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરી યુનિવર્સિટીનું નામ રોશન કરી રહ્યા છે.

# GPSC EXAM CANCELLED

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા નાયબ નિયામકની ભરતી રદ કરવામાં આવી છે. ગુજરાત આંકડાકીય સેવા વર્ગ 1 ની એક જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ હેઠળ ભરવાની હોવાથી ભરતી રદ કરવાનો નિર્ણય લેવાયો છે. અલગ અલગ વિભાગો સાથે ચર્ચા બાદ વર્ષ 2025નું ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવશે એમ આયોગના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું.

# Lions International Region-4 conference in Patan

પાટણમાં લાયન્સ આંતરરાષ્ટ્રીય રિજીયન-4 ની રિજીયોનલ પરિષદ "યશ" યોજાઇ હતી. આ પરિષદમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાની લાયન્સ ક્લબોએ ભાગ લીધો હતો. ટીબીમુક્ત ભારતના સંદેશને સાર્થક કરવા અને ગુજરાતને ટીબી મુક્ત કરવામાં લાયન્સના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# Anjana Pawar Kutch

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ અંજના પંવારે ગઈ કાલે કચ્છ જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે જિલ્લા કલેક્ટર કચેરી, ભુજ ખાતે સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજી હતી.

બેઠકમાં સુશ્રી પવારે જણાવ્યું હતું કે, સફાઈ કામદારોના પુનર્વસન સાથે તેમનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉદ્ધાર થાય તે ખૂબ જ મહત્વનું છે. તેમણે સફાઈ કર્મચારીઓના પગાર, ભથ્થાં, બોનસ, નિયમિત હેલ્થ ચેકઅપ, શિક્ષણ, આવાસ, લઘુતમ વેતન, પેન્શન, વારસદાર રહેમરાહે નોકરી સહિતનાં પ્રશ્નોની રજૂઆતોને સાંભળીને સંબંધિત અધિકારીઓને તેનો તાત્કાલિક ઉકેલ લાવવા તેમજ એક્શન ટેક્ન રિપોર્ટ આયોગને મોકલી આપવા જણાવ્યું હતું.